Reference (L.C.R.) Case No.**81** of **2004**

રાજકોટ જીલ્લાની બીજી મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી બી. ડી. પરમાર સમક્ષ.

## રેફરન્સ (એલ. સી. આર. ) નંબર : ૮૧ / ૨૦૦૪

આંક :

**અરજદાર :–** **જાનમામદ હુશેનભાઈ પબડા,**
C/o. ઈસાભાઈ આમદભાઈ ઠેબા,
જામનગર રોડ, મોરબી હાઉસની બાજુમાં,
કનકેશ્વર મહાદેવની બાજુમાં,
રા જ કો ટ.
C/o. ભારતીય મજદુર સંઘ, દિવ ચેમ્બર્સ,
આર્ય સમાજ સામે, ઢેબરભાઈ રોડ, રાજકોટ.

વિ રૂ ઘ્ધ

**સામાવાળા :–(૧)** **જિલ્લા વિકાસ અધિકારીશ્રી,**
જિલ્લા પંચાયત, રાજકોટ.

**(૨)** **મેડીકલ ઓફીસરશ્રી,**
પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર, આટકોટ,
તા. જસદણ.

**હાજર રહયા:–** **અરજદાર તરફે :** વિ. વ. શ્રી એચ. એલ. બારૈયા.
**સામાવાળાઓ તરફે:** વિ. વ. શ્રી એ. વી. માકડ.

**બાબત :–** ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ અરજી.

**~:: હુ ક મ ::~**

[**૧**] હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત, રાજકોટ ધ્વારા નંબર–કે. એચ. એસ. / એચ. એમ. સી. / આર. એ. જે. / ૩૮ / ૨૦૦૪ / આર. ટી. તા.૧૨/૦૫/૨૦૦૪ થી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૦(૧)(સી) હેઠળ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, રાજકોટ તથા મેડીકલ ઓફીસરશ્રી, આટકોટ અને તેના કામદાર જાનમામદ હુસ

ેનભાઈ પબડા વચ્ચેની તકરારનો નિર્ણય થવા અનુસુચિ મોકલેલ છે કે, શ્રી જાનમામદ હુસેનભાઈ પબડા, રાજકોટને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

[**૨**] અરજદારે / કામદારે આંક–૩ થી માંગણાનું નિવેદન રજુ કરી જણાવેલ છે કે,

– અરજદાર સામાવાળા નંબર–૧ તથા ૨ હેઠળ આટકોટ ખાતે તા.૧૨/૫/૯૮ થી જીપ ડ્રાઈવર તરીકે રોજના રૂા.૧૦૮ ના પગારથી નોકરી કરતા હતા અને તા.૦૮/૦૯/૨૦૦૩ ના રોજથી અરજદારના કોઈ પણ જાતના વાંક, ગુના કે કસુર વગર ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે. અરજદારે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધારે સતત અને સળંગ રીતે નોકરી કરી છે.

– સામાવાળાએ અરજદારને કાયમી ન કરવો પડે તે માટે અરજદાર પાસેથી કામ લેતા હોવા છતાં અરજદારના પિતાશ્રીનું નામ ચોપડામાં રાખતા હતા અને સહી કરાવતા હતા અને આનો મૌખીક રીતે વિરોધ કરતા નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી આપતા હતા.

– અરજદારને નોકરીમાંથી છુટા કરતા અવાર–નવાર કામની માંગણી કરવા છતાં કામ આપવામાં આવેલ નહી. આથી અરજદારને સલાહ મળતા યુનિયન વાળા પાસે જતા તા.૦૧/૦૩/૨૦૦૪ ના રોજ પડેલા રોજ ભરપાઈ કરી સળંગ નોકરીથી કામે લઈ લેવા માંગણી મુકેલ હતી પરંતુ નોકરી પર બોલાવેલ નથી કે લેવામાં આવેલ નથી એટલુ જ નહી પરંતુ ડીમાન્ડ નોટીસનો જવાબ પણ આપવામાં આવેલ નથી. તેમજ મેડીકલ ઓફીસશ્રીને મોકલેલ નોટીસ સ્વીકારેલ ન હોય રીફયુઝડ ના શેરા સાથે પરત આવેલ છે.

– અરજદાને નોકરીમાંથી છુટા કરતા નોટીસ પગાર કે બેકારી વળતરના પૈસા ચુકવેલ નથી તેમજ અરજદારની જગ્યાએ બીજા રોજમદાર કર્મચારીની ભરતી કરેલ છે. આથી આઈ. ડી. એકટની કલમ–૨૫(એફ) તથા (જી) નો ભંગ થાય છે તેથી પણ નોકરીમાંથી છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર ઠરે છે.

– તા.૦૫/૦૩/૨૦૦૩ ના રોજ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (મહેકમ), જિલ્લા પંચાયત, મેડીકલ ઓફીસરશ્રી, પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર, આટકોટ પાસે જે માહિતી મંગાવેલ તે તેમના પત્રનો તા.૧૭/૦૪/૨૦૦૩ થી ડ્રાઈવરની માહિતી પત્રક મોકલાવેલ અને તેમાં જણાવેલ સંપૂર્ણ વિગતો જોતા જણાય આવશે કે અરજદાર રોજમદાર તરીકે તા.૧૨/૦૫/૧૯૯૮ થી ખાતાની ટેમ્પો ટ્રેકસ (જીપ) વાહન નંબર–જીજે૧૮જી–૮૧૧ ચલાવે છે, વાહનની કંડીશન સારી છે તથા રોજમદાર ડ્રાઈવર તરીકે સંતોષકારણ કામગીરી કરે છે તેવી માહિતી મોકલવામાં આવેલ છે. આજ અધિકારીએ તા.૨૪/૦૪/૨૦૦૪ ના રોજ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, રાજકોટને અને તેની નકલ નાયબ શ્રમ આયુકતને મોકલેલ છે તેમાં ઘણો જ વિરોધાભાષ છે. અરજદારની નીજી – અંગત જીવનની હકીકત ખરેખર નોકરીમાં લવાયજ નહી અને આના કારણે જ આ પત્રના છેલ્લા ફકરામાં – મજકુરને નોકરીમાં રાખી શકાય નહી – તેમ સ્પષ્ટ જણાવેલ છે. આ રીતે પણ સ્પષ્ટ જણાય અવો છે કે નીજી – અંગત જીવનના વ્યવહારને કારણે નોકરીમાંથી છુટો કરવામાં આવેલ છે અને નોકરીમાં ન રાખાય તેની સલાહ પણ ઉપરી અધિકારીને આપેલ છે જેથી પણ નોકરીમાંથી છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર અને રદબાતલ થવાને પાત્ર છે.

– અરજદારને છુટા કરતા પહેલા કોઈ મેમો, ચાર્જશીટ આપેલ નથી કે કોઈ બાબતે ખૂલાસો માંગેલ નથી કે અંગત બાબતની સત્ય હકીકત જાણવા પ્રયત્ન કરેલ

નથી કે કોઈ કાર્યવાહી કરેલ નથી. નોકરીમાંથી છુટા કર્યા બાદ અરજદારે નોકરી મેળવવા પ્રયાસ કર્યા છે પરંતુ મળેલ નથી. હાલ અરજદાર તદન બેકાર છે.

– અરજદાર ને તા.૦૮/૦૯/૨૦૦૩ ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવી પડેલ રોજ ૧૨% વ્યાજ સહીત ચુકવી આપી સળંગ નોકરીમાં કામે લઈ લે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે અને ખર્ચના રૂા.૨,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

[**૩**] સામાવાળા નંબર–૧ તરફે જવાબ રજુ કરવામાં આવેલ નથી.

[**૪**] સામાવાળા નંબર–૨ નાએ આંક–૭ થી અરજદારના માંગણાના નિવેદન સામે બચાવનામું રજુ કરી જણાવેલ છે કે,

– અરજદારનો આ વ્યકિતગત રેફરન્સ ગેરકાયદેસર અને હકુમત વગરનો છે. મદદનીશ મજુર કમિશ્નરશ્રીએ કેસના ગુણદોષ પરત્વે જરા પણ ધ્યાન આપ્યા વગર ગેરકાયદેસર રેફરન્સ કરેલ છે. મુદત બહારનો રેફરન્સ છે. અરજદાર કામદારની વ્યાખ્યામાં અને સામાવાળા ઈન્ડસ્ટ્રીઝની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા નથી. અરજદારનો રેફરન્સ રદ કરવા વિનંતી છે.

– માંગણાના નિવેદનની બીનાઓ સર્વાંસે ખરી નથી તેમજ કરેલ કથનો કાયદેસરી રીતે ટકી શકતા નથી અને નાકબૂલ કરી ઈન્કાર કરીએ છીએ.

– અરજદાર ખંત, પ્રમાણિકતા અને વફાદારીપૂર્વક એકધારી અને સતત નોકરી કરતા હોવાનું ખરૂ નથી. અરજદારને ગેરકાયદેસર કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ કોઈ પણ જાતની કાર્યવાહી કર્યા વગર કાયદાનો ભંગ કરી છુટા કર્યાનો અને નવા કર્મચારીની ભરતી કરવામાં આવ્યાનું ખરૂ નથી.

– અરજદાર સામાવાળામાં રોજમદાર તરીકે બિનપસંદ ઉમેદવાર તરીકે નોકરી પરત્વયેના કોઈ પણ જાતના હકક હિત વગર ફરજ બજાવતા હતા. સામાવાળામાં કાયમી પસંદગી પામેલ ડ્રાઈવરની જગ્યા ખાલી હોય વચગાળાના સમયમાં સ્ટોપ ગેર એરેન્જમેન્ટમાં કામગીરી સોંપવામાં આવતી હતી. અરજદારે સ્વૈચ્છાએ કામે આવવાનું બંધ કરેલ. અરજદારને સામાવાળા તરફથી કદી અને કયારેય છુટા કરવામાં આવેલ નથી. અરજદારને સામાવાળાએ છુટા કરેલ જ ન હોય અરજદારથી જુનીયર કર્મચારી કામે ચાલુ હોવાનું કે નવા કર્મચારીની ભરતી કરવાની હકકીત અરજદારને મદદરૂપ થતી નથી. સામાવાળા સામાન્ય માનવીને આરોગ્યની અગત્યની સેવા સરકારના સોવેરીયન ફંકશન તરીકે પુરી પાડીએ છીએ. તેમાં અરજદાર જેવા કર્મચારી એક દિવસ પણ ફરજ ઉપર ન આવે તો તે ન ચાલી શકે કારણ કે ઈમરજન્સી તબીબી સેવા ઉપર તેની અસર પડે અને તેથી નવા ડ્રાઈવર રાખેલ હોય તો તેવી કોઈ હકીકત અરજદારને મદદરૂપ થતી નથી. અરજદારની કોઈ તકરાર કાયદેસર રીતે ટકી શકતી નથી. અરજદારે ખોટો લાભ લેવા કેસ કરેલ છે અને અરજદાર બેકાર કે બેવતન હોવાનું ખરૂ નથી. રેફરન્સ ખર્ચ સાથે રદ કરવા વિનંતી કરેલ છે.

[**૫**] અરજદારે નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

| **ક્રમ** | **વિગત** | **માર્ક / આંક** |
|---|---|---|
| ૧ | અરજદારે સામાવાળાને રજીસ્ટર એ. ડી. થી મોકલેલ પત્ર, તા.૦૧/૦૩/૨૦૦૪, નકલ | ૨૬ |
| ૨ | રજીસ્ટર એડી કર્યાની મની રીસીપ્ટ, તા.૦૩/૦૩/૨૦૦૪, નકલ | ૨૭ |
| ૩ | સામાવાળા નંબર–૧ ને બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ, તા.૦૪/૦૩/૨૦૦૪, નકલ. | ૨૮ |
| ૪ | સામાવાળા નંબર–૨ ને મોકલેલ રજીસ્ટરનું કવર રીફ્યુઝ, તા.૦૫/૦૩/૨૦૦૪, અસલ | ૨૯ |
| ૫ | મની રીસીપ્ટ, તા.૦૩/૦૩/૨૦૦૪, અસલ | ૩૦ |

| | | |
|---|---|---|
| ૬ | સામાવાળા નંબર–૧ તથા ૨ પાસે માંગેલ માહિતી, તા.૦૫/૦૩/૨૦૦૩, ઝેરોક્ષ | ૩૧ |
| ૭ | સામાવાળા નંબર–૨ નાએ નંબર–૧ ને માહિતી મોકલતો પત્ર, તા.૧૭/૦૪/૨૦૦૩, ઝેરોક્ષ | ૩૨ |
| ૮ | સામાવાળા નંબર–૨ નાએ નંબર–૧ ને અરજદારને આપેલ માહિતી, ઝેરોક્ષ | ૩૩ |
| ૯ | સરતપાસનું સોગંદનામું | ૨૫ |
| ૧૦ | કલોઝીંગ પુરસીસ | ૩૪ |

[**૬**] સામાવાળા નંબર–૧ નો પુરાવાનો હકક તા.૧૩/૦૪/૨૦૧૬ ના પ્રોસીડીગમાં બંધ કરવામાં આવેલ છે.

[**૭**] સામાવાળા નંબર–૨ તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ડો. સુનિલકુમાર સત્યનારાયણ ચૌધીરનું સરતપાસનું સોગંદનામું | ૪૦ |
| ૨ | કલોઝીંગ પુરસીસ | ૪૧ |

[**૮**] અરજદાર તરફે આંક–૪૨ થી લેખીત દલીલ તથા આંક–૪૩ થી ઓથોરીટી લીસ્ટ રજુ થયેલ છે.

[**૯**] આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**(૧)** શું અરજદાર પુરવાર કરે છે કે તેણે સામાવાળામાં કોઈ પણ એક વર્ષમાં કે છેલ્લા બાર માસમાં સતત અને સળંગ ૨૪૦ દિવસની નોકરી કરેલ છે ?

**(૨)** શું અરજદાર પુરવાર કરે છે કે તેને નોકરીમાંથી આઈ. ડી. એકટની કલમો–૨૫(એફ)(જી)(એચ) નો ભંગ કરીને છુટા કરેલ છે ?

**(૩)** શું અરજદાર નોકરીની મુળ જગ્યાએ પડેલ દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત કરવાની દાદ મેળવવા હકકદાર છે ?

**(૪)** શું હુકમ ?

[**૧૦**] આ કામના ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

**(૧)** હકારમાં

**(૨)** અંશતઃ હકારમાં

**(૩)** અંશતઃ હકારમાં

**(૪)** આખરી હુકમ મુજબ

[**૧૧**] મુદા નંબર–૧ થી ૩

– હકીકતોનું પુનરાવર્તન ન થાય તેવા હેતુસર **મુદા નંબર–૧ થી ૩** ના નિર્ણય માટેના કારણોની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

– સામાવાળાએ આંક–૭ થી રજુ કરેલ બચાવમાં પારા–૫ માં જણાવેલ છે કે, અરજદાર સ્પોટ ગેપ એરેનજમેન્ટમાં કામગીરી કરતા હતા .......... અરજદારનો કેસ છે કે તેઓએ તા.૧૨/૦૫/૧૯૯૮ થી તા.૦૮/૦૯/૨૦૦૩ સુધી નોકરી કરેલ છે અને દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધારે સતત અને સળંગ નોકરી કરેલ છે............... સામાવાળાએ અરજદારના આ પ્લીડીંગનું સ્પેસીફીક ડીનાઈલ કરેલ નથી અને અરજદારે આંક–૨૪ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે જેમાંના દસ્તાવેજો આંકે પડેલ છે તે પૈકીનો એક તે આંક–૩૩ વંચાણે લઈએ તો તેમાં હાલના અરજદાર તા.૧૨/૦૫/૧૯૯૮ થી રોજમદાર ડ્રાઈવર તરીકે સંતોષકારણ સેવા આપે છે તેવો સામાવાળા નંબર–૨ નો દસ્તાવેજ આંક–૩૨ વાળા ફોરવડીંગ પત્રથી જિલ્લા પંચાયત તે સામાવાળા નંબર–૧ ને મોકલવામાં આવેલ છે. જે આંક–૩૨ ની તારીખ : ૧૭/૦૪/૨૦૦૩ છે. સદરહુ દસ્તાવેજોને સામાવાળા તરફે પડકારવામાં આવેલ નથી. આમ, સદરહુ આંક–૩૨ અને ૩૩ વંચાણે લેતાં રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવાથી સાબીત થાય છે કે હાલના અરજદારે તા.૧૨/૦૫/૧૯૯૮ થી ઓછામાં ઓછું તારીખ : ૧૭/૦૪/૦૩ સુધી સામાવાળા નંબર–૨ માં ડ્રાઈવર તરીકે નોકરી કરેલ છે જે સમયગાળો ધ્યાને લેતાં અરજદારે સામાવાળા નંબર–૨ માં ન માત્ર એક

વર્ષ કરતા વધારે નોકરી કરેલ છે બ્લકે તેવી નોકરી એક વર્ષ કરતા વધારે સતત અને સળંગ કરેલ છે......... વધુમાં સામાવાળા નંબર–૨ તરફે આંક–૪૦ થી ડો.સુનીલ સત્યનારાયણ ચૌધરી નાઓએ મૌખીક જુબાની રજુ કરેલ છે તેમની અરજદાર તરફે થયેલ ઉલટમાં જવાબ આવેલ છે કે ............ એ વાત ખરી છે કે અરજદાર સામાવાળા નંબર–૨ ને ત્યાં તા.૧૨/૦૫/૧૯૯૮ ના રોજથી જીપ ડ્રાઈવર તરીકે નોકરીમાં દાખલ થયેલા........ એ વાત ખરી છે કે અરજદારે તા.૦૭/૦૯/૨૦૦૩ સુધી ત્યાં નોકરી કરેલ છે. એ વાત ખરી છે કે અરજદારે નોકરીમાં દાખલ થયા ત્યારથી તા.૦૭/૦૯/૨૦૦૩ સુધી સળંગ નોકરી કરેલ છે.............. આમ ઉપરોકત મુલવણી પરથી પુરવાર થાય છે કે અરજદારે સામાવાળા નંબર–૨ માં એક વર્ષ કરતા વધારે સમય માટે નોકરી કરેલ છે. સબબ મુદા નંબર–૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

– અરજદારનું પ્લીડીંગ છે કે, તેમને તા.૦૮/૦૯/૨૦૦૩ ના રોજ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટો કરી દેવામાં આવેલ છે જે સામે સામાવાળા નંબર–૨નો બચાવ છે કે, અરજદારે સ્વૈચ્છાએ કામે આવવાનું બંધ કરેલ......... આ મુદાને મુલવીએ તો અરજદારના કહેવા પ્રમાણે તેમને તા.૦૮/૦૯/૨૦૦૩ ના રોજ ગેરકાયદેસર રીતે નોકીરમાંથી છુટા કરી દીધેલ છે અને આંક–૨૬ નો દસ્તાવેજ વંચાણે લઈએ તો તે તા.૦૧/૦૩/૨૦૦૪ ના રોજ સામાવાળાઓને ફરજ પર લેવા અંગે પાઠવવામાં આવેલ નોટીસ છે જેની વિન્ડો સ્લીપ અને એકનોલેજમેન્ટ રીસીટ તેમજ સામાવાળા નંબર–૨ ધ્વારા રીફયુઝ કરવામાં આવેલ કવર આ કામમાં આંક–૨૭ થી ૨૯ ના રજુ છે. ઉપરાંત સામાવાળાના સાહેદની અરજદાર તરફે કરાયેલ ઉલટમાં જવાબ આવેલ છે કે ...... એ વાત ખરી છે કે અરજદારને અમોએ કોઈ લેખીત નોટીસ રજીસ્ટર એડી. થી જાણ કરેલ નથી કે તમો કામ પર શા માટે નથી આવતા........... મને યાદ નથી કે આંક–૨૬ વાળી નોટીસનો અમોએ જવાબ આપેલ છે કે કેમ ?

........... આમ, સામાવાળાના બચાવ પ્રમાણે કે અરજદાર પોતાની મેળે કામ પર આવતા બંધ થયેલ છે ત્યારે તેના માટે સામાવાળા નંબર–ર ધ્વારા કોઈ ઈન્કવાયરી કરવામાં આવેલ હોય કે અરજદારને કામ પર હાજર થવા કોઈ નોટીસ આપવામાં આવેલ હોય તેવું રેકર્ડ પર નથી અને તે સામે અરજદાર ધ્વારા તેમને તા.૦૮/૦૯/૦૩ ના રોજ નોકરીમાંથી છુટા કર્યા બાદ તેમને તા.૦૧/૦૩/ર૦૦૪ ના રોજ સામાવાળાઓને ફરજ પર હાજર લેવા અંગે નોટીસ પાઠવેલ છે જે નોટીસ સામાવાળા નંબર–ર ધ્વારા રીફયુઝ કરવામાં આવેલ છે. આમ, અત્રે અરજદારના કેસ પ્ર માણે અરજદારને છુટા કરી દેવામાં આવેલ છે તે માનવાને સબળ કારણ છે, કારણ કે અરજદારે પોતાને છુટા કર્યા બાદ પોતાને ફરજ પર હાજર લેવા અંગે આંક–ર૬ વાળી નોટીસ આપેલ છે તે સામે સામાવાળાએ, જો અરજદારે સ્વૈચ્છાએ કામે આવવાનું બંધ કરેલ છે તો, કોઈ જ નોટીસ અરજદારને ફરજ પર હાજર થવા અંગે પાઠવેલ નથી કે કોઈ ડોમેસ્ટીક ઈન્કવાયરી કરેલ નથી. અરજદારે સામાવાળાને આપેલ આંક–ર૬ વાળી નોટીસ બાદ હાલના રેફરન્સ સુધીનું પ્રોસીડીંગ્સ કરેલ છે ત્યારે અરજદારને સામાવાળાએ છુટા કરી દીધાનું કોર્ટ માને છે. અરજદાર જયારે એક વર્ષ કરતા વધુ સમય માટે સામાવાળા નંબર–ર માં નોકરી કરેલ છે ત્યારે તેમને છુટા કરવામાં આઈ. ડી. એકટની જોગવાઈઓનું પાલન કરવું અનિવાર્ય છે અને આવા પૈકીનું એક તે નોટીસ / નોટીસ પગાર અને બેકારી વળતર છુટા કરતી વખતે અરજદારને આપવાનું છે અને હાલના કેસમાં આપેલું નથી તેવી કબૂલાત સામાવાળા નંબર–ર ના સાહેદે પોતાની આંક–૪૦ ની જુબાની ની ઉલટમાં આ રીતે જવાબ આપી આપેલ છે............ અરજદારને તા.૦૮/૦૯/ર૦૦૩ ના રોજથી કોઈ નોટીસ, નોટીસ પગાર કે બેકારી વતળર ચુકવેલ નથી........... આમ, આઈ. ડી. એકટની કલમ–ર૫(એફ) નો ભંગ પુરાવાર થાય છે.

Reference (L.C.R.) Case No.**81** of **2004**

– અરજદાર તરફે સામાવાળા નંબર–ર ની કરાયેલ ઉલટમાં જવાબ આ રીતે આવેલ છે ......... એ વાત ખરી છે કે અરજદાર સેટઅપમાં મંજુર થયેલ ખાલી જગ્યા ઉપર ફરજ બજાવતા હતા......... એ વાત ખરી છે કે અરજદાર જે પ્રકારની કામગીરી કરતા હતા તે હાલમાં પણ સંસ્થામાં ચાલુ છે............. તારીખ : ૦૮/૦૯/ર૦૦૩ પછી આ કામગીરી હમીતભાઈ બારૂબી પાસેથી લેવામાં આવેલ. સાહેદ સ્વૈચ્છા એ જણાવે છે કે વચ્ચે થોડા સમય માટે અશોકભાઈ નામની વ્યકિતને ડ્રાઈવર તરીકે રાખવામાં આવેલા............ આમ અરજદારને છુટા કર્યા બાદ અરજદારની કામગીરી અન્ય પાસેથી લેવામાં આવેલ છે ત્યારે આઈ. ડી. એકટની કલમ–રપ(એચ) નો ભંગ પણ પુરવાર થાય છે.

– આમ, અરજદારને છુટા કરતી વખતે આઈ. ડી. એકટની કલમ–રપ(એફ) નો ભંગ કરેલ છે અને અરજદાર જે કામગીરી કરતા હતા તે કામગીરી ત્યારપછીથી અન્ય કામદાર પાસેથી લેવામાં આવેલ છે ત્યારે તેથી આઈ. ડી. એકટની કલમ–રપ(એચ) નો ભંગ કરેલ છે. અરજદાર સાબીત કરી શકતા નથી કે તેમને છુટા કર્યા ત્યારે તેમનાથી કોઈ જુનીયરને કામે ચાલુ રાખેલ હોય ત્યારે આઈ. ડી. એકટની કલમ–રપ(જી) નો ભંગ થતો હોવાનું અરજદાર પુરવાર કરી શકેલ નથી. સબબ મુદા નંબર–૩ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે.

– અરજદાર ને ઉપરોકત મુલવણી મુજબ ગેરકાયદેસર છુટા કરેલ છે ત્યારે અરજદારનો પ્રાઈમાફેસી પુનઃસ્થાપનનો કેસ બને છે ત્યારે હવે નકકી કરવાનું છે કે તેમના પડેલા દિવસોનો પગાર આપવો કે કેમ ? અને જો આપવો તો કેટલો ? અરજદારે રેફરન્સમાં માંગણાનું નિવેદન તા.રર/૦૬/ર૦૦પ ના રોજ રજુ કર્યા બાદ પુરાવો રજુ ન કરતા હાલનું કામ આંક–૧૬ ના તા.ર૯/૦પ/ર૦૧ર ના હુકમથી નામંજુર કરવામાં આવેલ છે અને અરજદારે આઈ. ડી. પરચુરણ અરજી નંબર–૧૮/૧ર માં આંક–૮ થી તા.ર૦/૦૪/ર૦૧૩ નો હુકમ મેળવી આ કામ

રીસ્ટોર કરાવેલ છે અને કામ રીસ્ટોર થયા બાદ ની મુદત તા.૨૪/૦૫/૨૦૧૩ ની નોટીસ અરજદારને તા.૦૪/૦૫/૨૦૧૩ ના રોજ બજેલ હોવા છતાં પુરાવો તા.૦૫/૦૩/૨૦૧૬ ના રોજ રજુ કરેલ છે. આમ, આ કામ એક માત્ર અરજદારને ઢીલના કારણે એક વખત પુરાવો રજુ ન કરવાના કારણે નામંજુર થયેલ છે અને રીસ્ટરો કરાવ્યા બાદ પણ કામ ઝડપથી ચાલે તેવા પ્રયત્નો અરજદાર તરફે થયેલ નથી. વધુમાં અરજદાર ડ્રાઈવીંગ જાણતા હોવા છતાં માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે પોતે બેકાર છે અને સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે પોતાને છુટા કર્યા ત્યારથી કાંઈ કામ ધંધો મળતો ન હોય હાલમાં બેકાર છીએ. કોર્ટ કોઈ પણ સંજોગોમાં એ માની શકવા / સ્વીકારવા તૈયાર નથી કે અરજદાર કાંઈ જ કામ મેળવી શકયા નથી અને તે રીતે કાંઈ જ કમાણી કરી શકેલ નથી. અરજદારનું આવુ પ્લીડીંગમાં અને સરતપાસના સોગંદનામામાં જણાવવું તે બોનાફાઈડ જણાતું નથી. અરજદારે હાલનું કામ ત્વરાથી ચાલે અને દરમ્યાન પોતે કાંઈક કામ મેળવી કાંઈક રકમ કમાઈ તેવા પ્રયત્નો કરેલા નથી તે સંજોગોમાં અરજદારના પડેલા રોજનું વેતન અરજદારને ચુકવવા અંગે પ્રેરણા મળતી નથી.

[**૧૨**] <u>મુદા નંબર–૪</u>

આ કામે રજુ થયેલા પક્ષકારોના પક્ષ નિવેદન, દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ નામદાર ઉચ્ચ અદાલતનોના ચુકાદા અને રજુઆતો ધ્યાને લઈ તથા મુદા નંબર–૧ થી ૩ ના નિર્ણયો ધ્યાને લઈ, મુદા નંબર–૪ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

[૧૩] **<u>આખરી હુકમ</u>**

Reference (L.C.R.) Case No.**81** of **2004**

//**૧**// આ કામના અરજદાર જાનમામદ હુશેનભાઈ પબડાને છુટા કરવાનું સામાવાળાનું પગલુ ઔદ્યોગિક વિવાદધારાની જોગવાઈ વિરૂધ્ધનું અને ગેરકાયદેસરનું ઠરાવવામાં આવે છે.

//**૨**// આ કામના સામાવાળાને આથી હુકમ કરવામાં આવે છે કે આ એવોર્ડ સરકારશ્રી તરફથી પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અરજદારને તેમની નોકરીની મુળ જગ્યાએ, સળંગ નોકરીથી, પડેલા દિવસોના પગાર વિના પુનઃસ્થાપિત કરવા.

//**૩**// આ રેફરન્સના ખર્ચ પેટે રૂા.૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા) અરજદારને સામાવાળાએ અલગથી ચુકવી આપવાનો પણ આથી હુકમ કરવામાં આવે છે.

**સ્થળ** : રા જ કો ટ. }} **[ ભરતકુમાર દાનાભાઈ પરમાર ]**

**GJ00759**

ન્યાયાધીશ (સી. ડી.)

**તારીખ** : ૧૫ / ૦૨ / ૨૦૧૮ }} મજુર અદાલત નંબર–૨, રાજકોટ.

Milan